# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-01-2026** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રીએ કહ્યું , ભારતનો ખાણ ઉદ્યોગ 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનો આધારસ્તંભ બનશે.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલ થી રાજ્યના ત્રણ દિવસના પ્રવાસે - શ્રી મોદી સાંજે સોમનાથ પહોંચશે અને ઓમકાર મંત્રોના જાપમાં ભાગ લેશે
3) કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું , ભારતનો અભિગમ હવે સંપૂર્ણપણે “ખેલાડી કેન્દ્રીત” બની રહ્યો છે.
4) સૌરાષ્ટ્રમાં આજે 11 વખત ભૂકંપના આંચકાઓ અનુભવાયા.
5) મધ્યપ્રદેશમાં રાષ્ટ્રીય માર્શલ આર્ટ્સ રમતમાં મહેસાણાના જેકી રાવતે સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક જીત્યા.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV RASHTRIYA KHANIJ SHIBIR

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ કહ્યું , ભારતનો ખાણ ઉદ્યોગ ક્ષેત્ર 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનો મજબૂત આધારસ્તંભ બનશે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય ખનીજ ચિંતન શિબિરને સંબોધતાં તેમણે કહ્યું, નીતિ સુધારાઓ અને ટૅક્નોલૉજીના માધ્યમથી ભારત ; આત્મનિર્ભર ખાણ ઉદ્યોગની શક્તિનું મૂળ સ્ત્રોત બની રહ્યું છે. તેમણે ગુજરાતને દેશ માટે વિકાસનું કેન્દ્ર ગણાવતા કહ્યું, ગુજરાતના નમૂના-ને અનુસરીને અન્ય રાજ્યો વચ્ચે વિકાસ અને રોકાણ માટે તંદુરસ્ત સ્પર્ધા શરૂ થઈ છે.

(BYTE: G. KISHAN REDDY, UNION MINISTER)

આ શિબિરનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાણ-ખનીજ ક્ષેત્રને દેશની અર્થવ્યવસ્થાનો મહત્વનો આધારસ્તંભ ગણાવ્યો. આ શિબિર આધારસ્તંભને વધુ મજબૂત બનાવીને દેશના વિકાસને નવી ગતિ આપવાની તક છે. શ્રી પટેલે ખાણ ખનીજ ક્ષેત્રમાં આવેલા પરિવર્તન અંગે અને રાજ્ય સરકારના ખાણ-ખનીજ ક્ષેત્રના વિકાસના પ્રયાસ થકી આવેલા પરિવર્તન અંગેની રૂપરેખા પણ રજૂ કરી.

. . . .

# SOMNATH SWABHIMAN PARVA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ત્રણ દિવસ રાજ્યના પ્રવાસે આવશે. શ્રી મોદી સાંજે સોમનાથ પહોંચશે અને ઓમકાર મંત્રોના જાપમાં ભાગ લેશે. તેઓ સોમનાથ મંદિરમાં ડ્રોન શૉ પણ નિહાળશે. રવિવારે, પ્રધાનમંત્રી સોમનાથ મંદિરની રક્ષણ માટે પોતાના જીવનું બલિદાન આપનારા અસંખ્ય યોદ્ધાઓના સન્માનમાં આયોજિત શૌર્ય યાત્રામાં ભાગ લેશે. તેમજ સોમનાથ સ્વાભિમાન પર્વમાં પણ ઉપસ્થિત રહેશે. તેમના આગમન પહેલા ભક્તોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ પર્વ નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં દરરોજ ભક્તોની ભીડ ઉમટી રહી છે.

ગિરનાર તીર્થક્ષેત્ર સહિતના સાધુ-સંતો સોમનાથ દાદાના દર્શનાર્થે પહોંચી રહ્યા છે. સાધુ-સંતોની સોમનાથના શંખચોકથી મંદિર સુધીની પદયાત્રામાં શિવજીના પ્રિય વાદ્ય ડમરુંના નાદનો ગુંજારવ સાંભળવા મળ્યો હતો. આ અંગે ગિરનાર તીર્થક્ષેત્રના ઇન્દ્રભારતી બાપુએ પ્રતિક્રિયા આપી.

(BYTE: INDRABHARATI BAPU)

બીજી તરફ, શહેરી વહીવટી તંત્ર અને સફાઈકર્મીઓ સોમનાથમાં સ્વચ્છતાના કાર્યમાં જોડાઈ ગયા છે. વિવિધ નગરપાલિકા વિસ્તારના એક હજારથી વધુ સફાઈકર્મી સોમનાથમાં સ્વચ્છતાનું કામ કરી રહ્યા છે.

. .

# SPORTS GOVERNANCE CONCLAVE

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, ભારતનો અભિગમ હવે સંપૂર્ણપણે “ખેલાડી કેન્દ્રીત” બની રહ્યો છે. ખેલાડીઓના હિતને સર્વોપરી રાખી શકાય તે માટે વર્ષોથી પડતર રહેલા સ્પૉર્ટ્સ ગવર્નન્સ બિલ દ્વારા મહામંડળોમાં પારદર્શકતા લવાશે. અમદાવાદમાં વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે યોજાયેલી સ્પોર્ટ્સ ગવર્નન્સ કૉન્કલેવને સંબોધતાં શ્રી માંડવિયાએ કહ્યું , આગામી 10 વર્ષ માટે વિશેષ “મેડલ સ્ટ્રેટેજી એટલે કે , ચંદ્રક વ્યૂહરચના” તૈયાર કરવામાં આવી છે.

(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION MINISTER)

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં આવેલી રમતગમતની ક્રાંતિનો ઉલ્લેખ કરતા કહ્યું , ખેલ મહાકુંભના કારણે રાજ્યના ખેલાડીઓની માનસિકતા બદલાઈ છે અને આ વર્ષે 73 લાખ ખેલાડીની વિક્રમી સહભાગીદારી નોંધાઈ છે.

. . . . . . . . .

# REV UPLETA EARTHQUAKE

સૌરાષ્ટ્રમાં આજે 11 વખત ભૂકંપના આંચકાઓ અનુભવાયા. સૌથી પહેલો ભૂકંપનો આંચકો સવારે 6 વાગ્યેને 19 મિનિટે આવ્યો હતો.

રાજકોટના જિલ્લા શિક્ષણ અધિકારી દિક્ષીત પટેલે કહ્યું , બાળકોની સલામતીને ધ્યાને રાખી સૂચના જાહેર કરવામાં આવી છે. તેમણે શાળાઓને વૈકલ્પિક સલામતીની વ્યવસ્થા કરવા પણ જણાવ્યું છે.

(BYTE: DIXIT PATEL, DEO, RAJKOT)

ગાંધીનગરની ભૂકંપશાસ્ત્રી સંશોધન સંસ્થાના ઇન્ચાર્જ ડિરેક્ટર સંતોષ કુમારે કહ્યું, જેતપુર અને ધોરાજીમાં આ ભૂકંપના કેન્દ્ર બિન્દુ નોંધાયા છે. ભારે વરસાદના કારણે જમીનમાં ફેરફાર થતાં ભૂકંપ આવ્યો હોય તેમ લાગી રહ્યું છે.

. . . . .

# KARUNA ABHIYAN

રાજ્યભરમાં આવતીકાલથી કરૂણા અભિયાનનો પ્રારંભ થશે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ અંગે કહ્યું , ઉત્તરાયણના પર્વમાં ઈજાગ્રસ્ત થયેલા પક્ષીઓની સારવાર માટે આગામી 20 જાન્યુઆરી સુધી આ અભિયાન ચલાવાશે. દરમિયાન રાજ્યભરમાં કુલ 450 જેટલા સંગ્રહ કેન્દ્ર , 85 જેટલા નિયંત્રણ ખંડ અને 480થી વધુ સારવાર કેન્દ્ર અબોલ પક્ષીઓના સારવાર અને બચાવ કાર્ય માટે કાર્યરત્ રહેશે.

(બાઈટ - અર્જુન મોઢવાડિયા)

. . . . .

# MEHSANA PLAYERS MEDAL

મહેસાણાના ખેલાડી જેકી રાવતે રાષ્ટ્રીય માર્શલ આર્ટ્સ રમતમાં સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક જીત્યા છે. મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં તાજેતરમાં યોજાયેલી છઠ્ઠી રાષ્ટ્રીય માર્શલ આર્ટસ રમતમાં લાખાવડ શાળાના વિદ્યાર્થીએ આ સિદ્ધિ મેળવી છે. સ્પર્ધામાં દેશભરમાંથી એક હજારથી વધુ ખેલાડીએ ભાગ લીધો હતો.

જેકી રાવતે સાન્ડા એટલે કે , લડાઈ વિભાગમાં સુવર્ણ ચંદ્રક જીતી પોતાની કુશળતા અને ઝડપી પ્રતિભાવનો પરિચય આપ્યો હતો. સાથે જ તેમણે તાઓલુ શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીતી તકનીકી કળા અને શિસ્તબદ્ધ અભ્યાસનું પ્રદર્શન કર્યું. આ સ્પર્ધામાં ગુજરાત ટીમે પણ ઉત્તમ પ્રદર્શન કરીને દ્વિતીય ઉપ-વિજેતાનો ખિતાબ જીત્યો હતો.

. . . . .

# SECOND VGRC RAJKOT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે રાજકોટમાં યોજાનારી બીજી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCનું ઉદ્ઘાટન કરશે. કચ્છ અને સૌરાષ્ટ્ર માટે યોજાનારી આ પરિષદમાં એક હજાર 500થી વધુ સમજૂતી કરાર થશે. તેમાં 110 આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે. તેમજ એક હજાર 800થી વધુ B2B બેઠક પણ યોજાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

(VOICECAST: AJAY INDREKAR)

*(.... રાજકોટમાં યોજાનારી VGRCમાં 11થી 15 જાન્યુઆરી સુધી મહાપ્રદર્શન યોજાશે. તેમાં રિવર્સ બાયર્સ-સેલર મીટ – RBSM અંતર્ગત એક હજાર 500થી વધુ સમજૂતી કરાર પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ યોજાનારા પરિષદ સત્ર રાજકોટને વૈશ્વિક વેપાર, રોકાણ અને સહકારનું મહત્વનું કેન્દ્ર બનાવશે , જ્યાં દેશ-વિદેશના ઉદ્યોગ નેતાઓ , રોકાણકારો અને નીતિ નિર્માતાઓ ભેગા થશે. અંદાજે 26 હજાર ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં 400થી વધુ પ્રદર્શક વિવિધ ક્ષેત્રમાં પોતાની ક્ષમતા અને નવિનતાઓ રજૂ કરશે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

. . . . . . . . .

# DANG - SIR

ડાંગનાં ખાસ રોલ ઓબ્ઝર્વર ઐશ્વર્યા સિંઘની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી , ડાંગ-આહવા ખાતે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા - SIRની કામગીરી અંગે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ. તેમાં સુશ્રી સિંઘે SIR સંદર્ભે પ્રશ્નો અને સમસ્યાઓ અંગે ચર્ચા કરી હતી. તેમણે તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ચૂંટણી પંચના માર્ગદર્શન મુજબ સહકાર આપવા અને SIR પ્રક્રિયામાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કર્યો.

તેમજ કોઈ પણ પાત્રતા ધરાવતા મતદારનો યાદીમાં સમાવેશ થતાં રહી ન જાય, નામની પુનઃ ચકાસણી થઈ જાય અને ક્ષતિરહીત મતદાર યાદી તૈયાર થાય તેવા પ્રયાસ કરવા પર ભાર મૂક્યો હતો.

. . . .

# PATADI LOKARPAN KARYAKRAM

સુરેન્દ્રનગરનાં પ્રભારી મંત્રી દર્શના વાઘેલાએ પાટડીમાં 49 કરોડ 23 લાખ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે મંત્રીશ્રીએ કહ્યું, પાટડીના મુખ્ય તળાવનું સુંદર સૌંદર્યકરણ કરાયું છે. આ તળાવને અમદાવાદના કાંકરિયા તળાવ જેવું સુંદર બનાવવા અને બીજા તથા ત્રીજા તબક્કાનું કામ ઝડપથી પૂર્ણ કરવાની પણ તેમણે ખાતરી આપી હતી.

'આગવી ઓળખ' બજેટ હેઠળ પાટડી નગરપાલિકાને આધુનિક સુવિધાઓથી સજ્જ કરી 'ક' વર્ગમાં લઈ જવાની નેમ પણ પ્રભારી મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

. .

# PATAN - DISHA COMMITTEE BETHAK

પાટણમાં સાંસદ ભરતસિંહ ડાભીની અધ્યક્ષતામાં જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ - દિશાની બેઠક યોજાઈ. તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત સંલગ્ન વિભાગની કામગીરીની સમીક્ષા કરવામાં આવી. તેમજ વિવિધ વિભાગ અને પાટણ , હારીજ, રાધનપુર, સિદ્ધપુર તથા ચાણસ્મા નગરપાલિકાના વિકાસકામોની પણ સમીક્ષા થઈ. શ્રી ડાભીએ પાટણ શહેરમાં ટ્રાફિક અને સ્વચ્છતા અંગે અધિકારીઓને જરૂરી સૂચન આપ્યા.

. . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................